R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 12 March - 2012

## ✣ પ્રેમનો ચોકીદાર ✣

ક્રોધ એ લુહારના હથોડા જેવો છે. એક ઘા અને બે ટુકડા, જ્યારે પ્રેમ એ સોનારની હથોડી જેવો છે. થોડી માવજત અને વીંટી તૈયાર. આપણી પાસે કાંઈ ન હોય એ બહુ મોટી ચિંતાનો વિષય નથી. પણ આપણું કોઈ ન હોય એ મોટી કરૂણતા છે. જે કાંઈક કરી શકે છે, એ જ કાંઈક વિચારી શકે છે, અને જે વિચારીને કરે તેના માટે પ્રગતિ અને વિકાસના બારણાં ખુલ્લા હોય છે. તમે કેટલું પેદા કરો છો ? એ જીવનનો મોટામાં મોટો પ્રશ્ન છે. જ્યાં સુધી તમે વિચારીને પગલા નહીં માંડો ત્યાં સુધી ખોટમાંજ રહેશો. જીવનમાં જે પરિસ્થિતિ હોય તે સ્વીકારી લેવી પણ પરિસ્થિતના ગુલામ ન બની જવાય. દરેક માણસે પોતાની પરિસ્થિતિ પલટાવવાના પ્રયાસ કરવા જોઈએ. કુરાનમાં તો આદેશ છે કે જ્યાં સુધી વ્યક્તિ પોતાની હાલત બદલવા પ્રયાસ નહીં કરે ત્યાં સુધી કુદરત એની હાલત બદલશે નહીં. દિલના દરવાજે બેઠેલો પ્રેમનો ચોકીદાર જ તમારી પાસે આવતાં દુર્ગુણ અને આવેશને રોકી શકે છે.

- સંકલન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

SHREE BALASINOR NAVYUVAK SANGH

SHREE MOHANLAL SANKERLAL SHAH (ZAT) SABHAGRUHA

118/120 ARDESHAR DADI STREET, 2ND FLOOR, V. P. ROAD, MUMBAI - 400 004 * TEL.: 2388 7006

# NOTICE OF EXTRA ORDINARY GENERAL MEETING

Dt 29/02/2012

To

All Members

Notice is hereby given that an Extra Ordinary General Meeting of Shree Balasionr Navyuvak Sangh (2011-2012) shall be held on 22nd March 2012. Thursday. 6.30 P.M. At Smt. Subhadraben Navinchandra Shah (Culcuttawala) Meeting Hall (Pragati Samaj Office.) 45/49 Babu Genu Road, Mumbai - 400 002 under the Presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) to consider the following agenda.

(1) To consider the alteration amendments, addition or omissions in the constitution as recommended by Managing Committee.

(2) To consider the proposal recommended by Managing Committee for acquiring branch office at suburban area.

**NOTE**

If there is no quorum at 6.30 p.m. The meeting will be adjourned for half an hour and the members present shall form the quorum.

No other item of agenda shall be considered at the above meeting.

Hon. Secretary

**BHAVESH MODI**

(9869080287)

* REGISTERED UNDER BOMBAY PUBLIC TRUST ACT. REGD. NO. E - 1804 (B) *

* DONATIONS TO THE ASSOCIATION ARE EXEMPTED UNDER SEC / 80-G *

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૧૨ | ૧૪-૦૩-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## Let's come together again
## ચાલો ફરીથી એક થઈએ

**તંત્રી સ્થાનેથી**

છુટા પડવાની, વહેચાંઈ જવાની, બટવારાની પ્રથા આજથી કરોડો વર્ષો પહેલાં શરૂ થઈ. સુર્યમાંથી ઘણા ગ્રહો છુટા પડયાં એમાની એક, એટલે આપણી પૃથ્વી. આ પૃથ્વી ઉપર પ્રથમ પાણી અને જમીનમાં વહેંચણી થઈ. ત્યારે ખંડો એક હતાં અને આજુબાજુ સમુદ્ર હતો, ધીરે ધીરે જમીન વિવિધ ખંડોમાં વિભાજીત થઈ. દરેક ખંડો દેશના નામે વિભાજીત થયાં, દેશોના સિમાડા વિસ્તરવાને બદલે ટુંકાને ટુંકા થતાં થતાં અનેક દેશોમાં વિભાજીત થયાં. આપણાં ભારતની જ વાત કરીએ, તો સદીઓ પહેલાં એના સીમાડા અફઘાનિસ્તાન સુધી ફેલાયેલા હતાં. આજે એમાંથી ચાર-પાંચ દેશોમાં ધરતી વહેંચાઈ ગઈ. ભારતમાં પણ પહેલાં થોડા ઘણા રાજ્યો હતાં એની સંખ્યા આજે ૨૮ ઉપર પહોંચી ગઈ છે અને હજી ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોના વિભાજનની વાત ચાલી રહી છે. દેશના બટવારા ભાષાના નામે, ધર્મના નામે થઈ રહ્યાં છે. હવે જાતિવાદના નામે પણ કાદાચ થશે. પહેલાં સમાજના બટવારા ચાર વિભાગમાં કર્મના પ્રમાણે થયા હતાં. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈંશ્ય અને ક્ષુદ્ર. હવે એમાં પણ OBC, BC જેવા અનેક નામે વહેંચાઈ જવાની પ્રથા ચાલુ છે. ધર્મમાં પણ એજ બટવારા, પહેલાં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તીને નામે પછી મુસલમાનમાં, સુન્ની, શિયાના નામે. ખિસ્ત્રીમાં કેથલીક અને પ્રોટેસ્ટન નામે બટવારા થયાં. હિંદુઓમાં તો કરોડો દેવી દેવતાના નામે સેંકડો બટવારા થયાં અને હજી એમાં ધર્મગુરુઓ અને મહારાજોના નામે વધુને વધુ વિભાજન ચાલુ જ છે.

પોલીટીક્સમાં તો ભારતમાં જેટલાં પક્ષ છે એટલા દુનિયામાં ક્યાંય નહી હોય અને હવે તો જેટલાં નેતા એટલા પક્ષો શરૂ થઈ રહ્યાં છે. આપણા બાલાસિનોર સમાજ ઉપર આવું તો, ત્યાંના સમાજમાં પહેલા બ્રાહ્મણ, વાણીયા, સુથાર, ચમારના નામે લોકો વહેંચાયા. આપણા વાણીયાઓ પહેલાં વાડાસીનોર અને મુંબઈમાં વહેંચાઈ ગયા. મુંબઈમાંથી વહેંચણી અમેરીકા સુધી પહોંચી. મુંબઈમાં પહેલાં લોકો સી.પી.ટેન્ક, ભુલેશ્વર, કાલબાદેવી માં રહેતા. તેઓ ત્યાંથી વાલકેશ્વર અને પેડર રોડમાં વહેંચાયા. ધંધામાં નાગદેવીને લુહારચાલમાં વહેંચાયા. ચાલીઓમાં અને ફ્લેટોમાં વહેંચાયા. ધીરે ધીરે વસ્તી વધતાં સાઉથ મુંબઈ અને પરાંઓમાં વહેંચાયા. સામાજીક પ્રવૃત્તિની વહેંચણી વિવિધ મંડળોમાં થઈ અને કાર્યકર્તાઓ વહેંચાયા, પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટી અને સામાન્ય સભ્યોમાં. સમાજ આર્થિક રીતે વહેંચાયો પૈસાવાળા, ગરીબ અને મધ્યમવર્ગમાં, પછી દાન આપનાર અને મદદ લેનારમાં, રાહતના ફોર્મ ભરનાર અને એની જરૂરિયાતને તોલનારાઓમાં. નવયુગ સંઘ વહેંચાયું. મુંબઈ વિભાગને પરાં વિભાગમાં, પરાનું વિભાજન થયું કાંદિવલી, બોરીવલી, મલાડ, અંધેરીમાં. ફગવાનું વિભાજન પ્રથમ બાલાસિનોર અને મુંબઈ વચ્ચે થયું, પછી મુંબઈ અને કાંદિવલી વચ્ચે અને હવે પરાં પ્રમાણે એનું વધુ વિભાજન અથવા વિસ્તરણ થયું. આપણા પુષ્ટીમાર્ગીય વૈષ્ણવોનું વિભાજન થયું ભરૂચી, રસીલી ટોળી જેવા સમાજોમાં. બાલાસિનોરમાં ભક્તોનું વિભાજન થયું ગોકુલનાથજી મંદિર અને મદનમોહનજીના મંદિરમાં. જ્યારે મુંબઈમાં શ્રધ્ધા વહેંચાઈ ગઈ મોટા મંદિર અને બાબુલનાથ મંદિરમાં અને હવે વિવિધ હવેલીઓમાં. આધ્યાત્મિક રીતે સમાજ વહેંચાયો. પ્રેમપુરીમાં, સત્સંગ મંડળોમાં અને પાઠશાળાઓમાં. મોર્નિંગ વોકવાળા હેંગીગ ગાર્ડનથી વહેંચાયા. વિવિધ પાર્કમાં, નાનાનાનીમાં અને મરીન ડ્રાઈવમાં. બહેનો વહેંચાઈ કીટી પાર્ટીઓમાં, મહિલા મંડળોમાં, સત્સંગ મંડળોમાં, ભજન મંડળોમાં અને સોશીયલ વર્કમાં. આહારમાં સમાજ વહેંચાયો પ્રથમ નોન વેજ અને વેજમાં, ત્યારબાદ કાંદા, લસણ વર્જ્ય ગણનારાઓમા અને હવે ટામેટા, ગાજરને ફલાવરને પણ વર્જ્ય ગણનારાઓમાં. બાળકો વહેંચાયા કોનવેન્ટ અને ગુજરાતી કલ્ચરમાં, SSC, ICSE, અને CBSE માં. લગ્ન માટેના ઉમેદવારો વહેંચાયા, NRI, મુંબઈના ફલેટોમાં રહેતાં, ચાલીમાં રહેતાં, પરાંમાં રહેતાં, સંયુક્ત કુટુંબમાં રહેતાં, પૈસાવાળા, ભણેલાં, મોર્ડન, ઓર્થોડોક્સ જેવા લેબલોમાં. ગુરૂભક્તિ અને શ્રધ્ધા વહેંચાઈ વિવિધ ગુરૂઓમાં, મહારાજશ્રીઓમાં અને બેટીજીઓમાં. આજે દર વર્ષે બાલાસિનોર જવા વાળાઓ અને બાલાસિનોર તરફ નજર પણ ન નાખનારા લોકો વચ્ચે સમાજ વહેંચાઈ ગયો છે. વેરવિખેર થઈ ગયો છે અને છતાં આપણે ઈચ્છીએ છીએ કે આપણા બાળકો જ્ઞાતિમાં લગ્ન કરે. ક્યાંથી કરે ? આપણે એ લોકોને એકબીજાને મળવાનો કે ભેગા થવાનો, ઓળખવાનો મોકો જ ક્યાં આપીએ છીએ ? પરાંવાળા મુંબઈ નથી આવતાં. મુંબઈવાળા પરાંમાં નથી જતાં. કાંદિવલી, બોરીવલી, અંધેરી, મલાડવાળા એકબીજાના પરાંના પ્રોગ્રામમાં કે ફગવાઓમાં નથી જતાં. રમતગમત, પ્રવાસ પર્યટનો બંધ થઈ ગયાં છે. રસોત્સવોમાં ફક્ત આજુબાજુ વસતાં લોકો જ આવે છે. લગ્નોમાં ફક્ત શ્રીમાન શ્રીમતીને આમંત્રણ અપાય છે. કલ્ચરલ કાર્યક્રમો યોજાતાં નથી, તો પછી નવી પેઢી મળે ક્યાં ? અને વિભાજન એટલી હદ સુધી થઈ ગયું છે કે લગ્નોમાં મોભો, ઘર, ઘરની સાઈઝ, ઘરનું લોકેશન, ધર્મ, ભણતર, દેખાવ, કમાણી ઘણી બધી બાબતો મેચ કરવાનું મુશ્કેલ બની જાય છે. મેચ કરવાની મહેનત કરવા કરતાં બહારની ન્યાતમાં કે બીજા સમાજમાં જોડી

શોધવી મા-બાપને અને યુવક યુવતીઓને સહેલી લાગે છે. એટલે દોષ આજની નવી પેઢીનો નથી આપણો જ છે, જેણે સમાજને વિખરાંતા બચાવ્યો નહી.. હજી પણ આ બાબતમાં વિચારવાની જરૂર છે, નહી તો આજે આપણે 'બાલાસીનોરવાસી' તરીકેનું જે ગૌરવ અનુભવીએ છીએ એ સમાજ જ એની ઓળખ ભુલી જશે અને એને માટે આપણી પેઢી જ જવાબદાર ગણાશે. શરૂઆત દરેક પરાંઓના લોકોએ સાથે મળીને કરવાની જરૂર છે. સાથે મળીને કાર્યક્રમો યોજવાની અથવા એકબીજાના કાર્યક્રમોમાં ભેગા થવાની જરૂર છે. નવયુવક સંઘ દ્વારા યોજાતાં રસોત્સવ કે દાંડીયારાસ કે નાટકો કોઈપણ પરાંમાં યોજાય. દરેક પરાંના લોકોએ એમાં ઉલટભેર ભાગ લઈને એને સાચાં અર્થમાં પરાં વિભાગનો કાર્યક્રમ બનાવવાની જરૂર છે. સાઉથ મુંબઈના લોકો તો ભાગ્યે જ પરાંના કાર્યક્રમોમાં જાય છે. એ લોકોએ પણ વર્ષમાં બે ચાર જ વખત યોજાતાં પરાંના કાર્યક્રમોમાં હાજરી આપવી જ જોઈએ. બાલાસિનોર આપણા બધા માટે મળવાનું કોમન સ્થાન છે. ત્યાં આજે પણ સમાજની દરેક વ્યક્તિઓ કોઈપણ જાતના ભેદભાવ વગર મળે છે. સાથે મંદિરના નાકે બેસે છે, સાથે વાડીમાં જમે છે અને હરે ફરે છે. એટલે ફગવા પ્રસંગે કે દિવાળીમાં કે 'ચાલો બાલાસિનોર' માં દરેક ફેમીલીએ બાળકો સાથે વર્ષમાં એકાદ વખત તો બાલાસિનોર જવું જ જોઈએ. આથી નવી પેઢીને સાથે રહેવાનો અને ઓળખવાનો મોકો મળશે. સમાજમાં પડેલી તીરાડો અને મોટી ખાઈઓ પુરવામાં જો દરેક જણ ફાળો નહી આપે તો એકબીજા સાથેનો સેતુ તુટી જશે, સમાજ વિખરાઈ જશે, ઈતિહાસ ભુંસાઈ જશે, ગૌરવ હણાઈ જશે. જવાબદારી આપણી જ હશે.

તો આ વર્ષે મળીશું ને બાલાસિનોરમાં ?

**- નિખિલ પરીખ**

❖❖❖❖❖

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત**

## મેરેજ બ્યુરો

લગ્નોઉત્સુક યુવક-યુવતીને આથી વિદિત કરવામાં આવે છે કે એપ્રીલ મહીનામાં એક પરિચય સંમેલન યોજવાનો હોવાથી આપ સત્વરે આપના ફોર્મ, બાયોડેટા તેમજ બે કલર ફોટા સાથે સંસ્થાની ઓફીસ, કાલબાદેવી ૪૭/૪૯ બાબુગેનું રોડ, મુંબઈ - ૨ ખાતે તા. ૩૧-૩-૧૨ સુધી મોકલાવશો. જો ફોર્મ ન ભર્યું હોય તો સંસ્થાની ઓફીસમાંથી કામકાજના સમય દરમ્યાન મેળવી લેશો.

**- સંયોજકઃ શ્રીમતી શીલ્પા ઉર્વીશ મોદી (દેવ)**

# આત્મા

કોને કહેશો આત્મા ? પરમાત્માના અવિભાજ્ય અગણિત અંગ, અંશ એ છે આત્મા. કહેવાય છે કે 'આત્મા સો પરમાત્મા'. હર જીવંત સૃષ્ટિમાં ચરાચરમાં આત્મા સમાયેલો છે. વનસ્પતિમાં પણ... આગળ કહયું તેમ આત્મા સો પરમાત્મા, અને પરમાત્મા આપણી વચ્ચે મૂર્તિ રૂપે જ દૃષ્ટા છે અને એ મૂર્તિને મોટાં મોટાં મંદિરો, ગિરજાઘર, ગુરૂદ્વારા વગેરેમાં સ્થિત કરવામાં આવે છે. મનની શાંતિ માટે આ મંદિરો છે. મન ક્યારે શાંતિ અનુભવે ?

માનવી માત્રની એક ભાવના છે. ઘરમાં બાળક કે બાલિકાનો જન્મ થાય, કોઈની સગાઈ યા લગ્ન ગ્રંથિથી જોડાય, કોઈ પવિત્ર કામ ધાર્મિક કરો તો શાંતિ મળે, મંદિરમાં તો તમે દશ મિનિટ દર્શન વિરાજન આરતી કરો એટલા સમયમાં તમે પ્રભુજીના વસ્ત્ર, અલંકાર, માલાજી નિરખો અને કેવા સુંદર દેખાય છે. આમા તમારો સમય પૂરો થાય અને બહાર આવી સાંસારિક ચર્ચા ચાલુ થાય, અને ઘર યાદ આવે એટલે પારોઠના પગલાં સ્વીટ હોમ ભણી વળતાં થાય.

હવે આમાં શાંતિ ક્યાં ? સત્સંગમાં જાવ કલાક બે કલાક સાંભળો યા કિર્તન ધોળપદ ગાવ અને પાછુ ઘર પ્રતિ પ્રયાણ. સવારે સેવા કલાક, બે કલાક, કે એથી વધુ સમય પૂર્ણ થાય. દિલથી કરો શાંતિ મળે, પરંતુ આત્મા ને ઓળખવા માટે 'પ્રીત પુરાની પ્રભુજી મારીને તારી' આ બધી ક્રિયા કર્તવ્યમાં પ્રભુજી મુર્તિ સ્વરૂપે આપણી સાથે બિરાજે છે એ સાચું છે અને શાંતિ તો જેને જેમાં સુખ, આનંદ મળે એને એમાં શાંતિ લાગે છે. અનુભવે છે.

પરંતુ...

આતો પ્રભુજી આપણી વચ્ચે મૂર્તિ રૂપે, અને છબીજી ના સ્વરૂપમાં દૃષ્ટમાન છે. હવે મુળ પોઈન્ટ પર આવીએ... પ્રભુજીની સાંચી ઓળખ એ અજન્મા, અજર, અમર, અદૃષ્ટા છે છતાંય પ્રભુજી છે અને છે જ ! ! તો તે આપણને કેમ દેખાતા નથી ? પ્રભુજીને ક્યાંય શોધવા જવાનું નથી તે આપણી અંદર છે લપાયેલો ? ? છેને આશ્ચર્ય ? આપણે તેને ક્યાં ક્યાં શોધીએ છે મંદિર, મસ્જીદ, ગુરૂદ્વાર, ગિરજાઘર વગેરેમાં, પરંતુ તે પંચમહાભૂતમાં વસે છે. એના સાંચા બે જ ઘર છે એક તો દરેક જીવમાં અને ચરાચર એટલે પંચમહાભુતમાં અને આ પ્રભુજીનું રૂપ અદૃષ્ટા છે અને છતાંય શક્તિ સ્વરૂપ છે.

બાળક જ્યારથી માના પેટમાં આકારિત થાય છે ત્યારથી તેમાં જીવનું આગમન થઈ જાય છે, અંકુરિત થાય છે, આ જીવની પ્રતિદિન બઢોતરી થતી રહે છે અને જ્યારે માનવી મૃત્યુ પામે છે ત્યારે તેનો પ્રાણપંખેરૂ ઉડી જાય છે. એટલે કે આત્માનો અંશ પરમાત્મામાં એકત્ર થઈ જાય છે. આપણા જન્મ સાથે અંકુરિત થયેલો પરમાત્માનો અંશ એટલે જ પરમાત્મા, પ્રભુજી આપણા હૃદયમાં જ વસેલો છે. જ્યાં સુધી હૃદય બ્લોઅપ થતું રહે ત્યાં સુધી પ્રભુજી આપણી અંદર લપાયેલો જ રહે છે. એની શક્તિને જાણી માણી શકો છો પરંતુ એને શોધવા મંદિર, મસ્જીદનો આશરો લો છો અને ત્યાં જ તમારું અધુરુ જ્ઞાન પ્રદર્શીત થાય છે. 'ધર્મ સંસ્થાપનાય સંભવામિ યુગે યુગે'

પ્રભુજી માનવ સ્વરૂપ લઈને આપણને ગીતાજીનો સુબોધ આપી ગયા છે.

'આત્મા સો પરમાત્મા' 'જીવ સો શિવ' દરેક

જીવંત ચરાચરમાં પ્રભુજી વસેલો છે. 'પ્રભુ તું સૌમાં વસેલો છે'. દયાળુ દેવ મોટો છે.

બાળપણમાં આ કવિતા ગાતા તો જરુર હતા, પરંતુ અર્થ સુચિ જાણ્યા વગર અત્યારે આ સમજાય છે. અને એ કથનને અનુસરી હરકોઈ જીવંત ચરાચરમાં રહેલા પરમાત્માની સાંચી ઓળખ મેળવી શકીએ છીએ. જન્મ લે ત્યારે આત્મા અંકુરિત થાય પણ જ્યારે મૃત્યુ પામે ત્યારે તેમાંનો આત્મા પરમાત્મામાં ભળી જાય છે અને માનવી માત્ર, યા પશુ પંખી, વનસ્પતિ સર્વ કાંઈ નિશ્ચેતન નિર્જીવ બની જાય છે. હવે દેવાધિદેવ આપણા કયાં વસે છે. એ જાણી માણી શકાય છે. હવે તમે જાણી શકશો કે પરમાત્મા ક્યાં વસે છે તેના બે જ બસેરા છે. હર જીવંત માનવી અને ચરાચરમાં અને પંચમહાભૂતમાં પંચમહાભૂતનું જ આ શરીર બનેલું છે. સૂરજ, અગ્નિ, વાયુ, પવન, જલ, પાણી, ધરતી, જમીન અને અન્ન દેવ. આ પાંચ તત્વથી બને છે. આપણું આ શરીર જે નાશવંત છે. એમાં વસતો આત્મા, અજર, અમર, અજન્મા નિત્યા છે. અને તે આપણા આ જીવંત શરીરના હૃદયમાં વસેલો છે. મૃત્યુ થાય પછી તે પરમાત્મામાં ભળી જાય છે. આ ક્રિયા દૃશ્યમાન નથી છતાં તે સર્વે જીવને સુખ દુઃખના છાયામાં સુંદર રીતે રાખે છે. જીવંત વસ્તુને જેની જરૂરત છે એ સર્વે આપણને કર્માનુસાર આપતો રહે છે. જેમ એક બાળકના માતાપિતા તેમના બાળકને સુખની છાયામાં રાખે છે તેમ પરમાત્માના આપણે સૌ બાળ છીએ અને કર્માનુસાર તે આપણી ગતિ, વિધિ, મતિ, સુલજાવે છે. જેમ આપણે A+B= ગણીએ તેમ આપણા જીવનને સુમતિ અને સુકર્મથી સુલઝાવવાનું છે અને સુલઝાવેલા જીવન બાગને આપણી સંપત્તિ, સુકર્મ, સુમતિથી અંકુરિત કરવાનું છે જેના ફળ આપણા બાળકોના જીવનને કુસુમિત કરી દેશે. હૃદયમાં વસતા દેવનું આરાધન હૃદયથી સુકર્મ હાથેથી અને મળેલી સંપત્તિ જે ઈશ્વરીય દેન છે એનાથી કરતાં રહેવાનું છે. જીવતાં જીવોની સેવા એજ સાચી સેવા છે. સંપતિ તો કોઈ લઈ જઈ શક્યું નથી. ઠાલા હાથમાં જીવતા જીવોની સેવાની ફળ શ્રુતિ લઈને જવાનું છે. સંપત્તિથી અંકુરિત કરીને ..... આત્માની આજ સાંચી ઓળખ છે.

આત્માની ઓળખ, ભાળ મળી તો ખરી, પરંતુ તેની આવભગત કેમ કરશોજી ? તે અમારો અને તમારો સાંચો સગો છે, તે તો આપણી અંદર રહેતાં રહેતાં આપણને પંચમહાભૂતનો કુબેરો લુટાવે છે. જો આપણને હવા પાણી ન મળે, ખાવાનું ન મળે, કપડાં વગેરે વગેરે ન મળે તો આપણે નિશ્ચેતન થઈ જઈએ, પ્રભુજી, પરમાત્માના અંશ આત્મા રૂપે આપણી નાની મોટી જરુરીયાત કર્માનુસર સાચવી લે છે તો તમે તેની સેવા કઈ રીતે કરશોજી. છબીજી અને મંદિરોમાં તો તે મૂર્તિ રૂપે જ બિરાજે છે, તો આત્માની સાંચી ઓળખ અને પરમાત્માની ઓળખ જાણી લીધા પછી સચરાચમાં વસતાં પશુ, પંખી, વનસ્પતિ અને માનવી જેમાં પ્રભુજી સાક્ષાત આત્મા રૂપે બિરાજે છે તો તેમની યથાગત સેવા એજ સાંચી સેવા છે. આગળનો ઈતિહાસ, મુસલમાન રાજાઓ ચઢી આવતાં અને આપણી પવિત્રતા સચવાતી નહી, તેઓ ઉપાડી જાય, શિયળ લૂટે, વગેરે વગેરે એથી આપણા મહાપ્રભુજીએ ઘરમાં રહી સેવાનો ઉપદેશ આપ્યો હતો, એ સાચુ છે પણ ગિતાજીના ઉદેશને અનુસરી આપણે જે જ્ઞાન મેળવ્યું છે એને અનુસરી 'જીવ સો શિવ', 'આત્મા સો પરમાત્મા', આ વિચારી જીવંત સચરાચર વ્યાપ્ત હર કોઈ જીવની યથા યોગ સેવા કરવી એજ આત્માની સેવા છે. 'આત્મા એજ પરમાત્મા'. પશુ,

પંખીના જીવનની રક્ષા કરો એ ઠાકોરજીની સેવા બરાબર છે. નોનવેજ ખાતા તમારા ઘરના કુળ દીપકોને ગામડાં, પીકનીકના રૂપે બતાવો, ત્યાં પશુધન, પંખીઓની જીવનચર્ચા બતાવો કે ફરી તેમને મારીને ખાવાની વૃત્તિ નહી જ રાખે, એટલે કે નોનવેજનો ભક્ષ્ય ન કરે. ગરીબ દીનની સેવા એજ પરમાત્માની સેવા છે. "Be a vegetarian' તમારું જીવ્યું ત્યારે જ સાર્થક થાય કે તમે કોઈ પણ જીવ માત્રને ઉગારો, તેને તમારા ધનની બચત, સેવા, શક્તિ તમારાથી મદદકર્તા થાવ. આ જ્ઞાતિ પૂરતું સીમીત ન રાખતાં દરેક જીવમાં વસેલા આત્મા પરમાત્માની સેવા કરો એજ ઈશ્વર વિદીત છે. પ્રભુ તું સૌમાં વસેલો છે... એજ અભ્યર્થના.

**- ઉષા એસ ધારીયા**

✤✤✤✤✤

## જિંદગી તારાથી હું થાક્યો નથી, તું જો થાકી જાય તો કહેજે મને !

ખલીલ ધનતેજવીનો ઉપરોક્ત શેર 'ઓળખ' ફેબ્રુઆરી ૨૦૧૨ના અંકમાં વાંચવા મળ્યો, અને હૈયા સોંસરવો ઉતરી ગયો.

માનવીના જીવનમાં અનેક પડકારો આવે છે. કેટલાક જિંદાદિલ ઈન્સાનો એનો હસતા રમતા મુકાબલો કરે છે. કેટલાક હતાશ થઈ જીવન અંગે ફરિયાદ કરતા રહે છે.

શાયર તો જિંદગીના પડકારો પૂરા સામર્થ્યથી પહોંચી વળવાની વાત કરે છે. વડોદરાવાસી આ ગઝલકાર પોતાની ગઝલોમાં વર્તમાન સામાજિક પરિસ્થિતિ પ્રત્યે આક્રોશ વ્યક્ત કરે છે અને કેવળ સુષ્ઠુ, સુષ્ઠુ ન લખતાં સમાજની વિષમતાઓ પ્રત્યે બખૂબી અંગુલિનિર્દેશ પણ કરે છે.

એમના લેખોમાં પણ તેજાબી શબ્દો દ્વારા, લોકશાહીની અવહેલના કરતા આજના નિંભર રાજકારણીઓને શાબ્દિક પ્રહારો કરે છે તો એ દ્વારા સામાન્ય પ્રજાજનોને ઢંઢોળવાના પ્રયત્નો પણ કરે છે. અહીં લેખકે જિંદગીને સંબોધી જે વાત કરી છે તે આપણે સૌએ આપણા દિલમાં ઉતારવા જેવી છે. જિંદગીથી થાકવાની વળી વાત કેવી? જિંદગી તું થાકી જાય તો મને કહેજે જેવી વાત કરી કવિ આપણને વિષમ પરિસ્થિતિનો ઝનૂનપૂર્વક મુકાબલો કરવા પ્રેરી રહે છે.

આનાથી ઉલ્ટી, આય સામા છેડાની વાત આપણા ખ્યાતનામ શાયર સ્વ. બરકત વીરાણીએ 'બેફામ' કરી છે. એમનો આ શેર એટલો ચોટદાર અને મશહૂર છે એક ઉર્દુ કવિને પોતાની જબાનમાં આ વાત કરવાનું મન થઈ ગયું.

ચાલો, 'બેફામ' સાહેબના આ શેરને પણ માણીએ.

'બેફામ' તો યે કેટલું થાકી જવું પડયું, નહીંતર જીવનનો માર્ગ છે ઘર થી કબર સુધી.

અનેક મુસીબતો વટાવતાં, જીવનથી મૃત્યુ સુધીના માર્ગની સફરમાં કેટલું બધું થાકી જવાય છે ! કવિઓની આવી વિરુદ્ધ દિશાની વાતો માણવાની પણ મજા છે.

**- પ્રસ્તુતી - પ્રવીણ દેસાઈ**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળ સંચાલિત પી.વી.વિદ્યાલય ધો. ૧૦ અને ધો. ૧૨ની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ ગુરૂવાર તા. ૨૩-૨-૨૦૧૨ના દિને સવારે ૧૦ કલાકે પી.વી.વિદ્યાલયની ધો. ૧૦ અને ધો. ૧૨ની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ તરુબેન અને પ્રફુલ્લ શેઠ પ્રાર્થના ખંડ ઓ.જે.દેસાઈ દેડકી પ્રાથમિક શાળામાં યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં પ્રાર્થના કરવામાં આવી. સમારંભનું અધ્યક્ષપદ શ્રી રસિકલાલ સાંકરલાલ મોદી (દેવ) સંભાળ્યું હતું. મંડળના પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈ, ચેરમેન શાળા સમિતિ શ્રી મણીકાન્ત કડકીઆ, શ્રીમતી તરુબેન પ્રફુલ્લ શેઠ, શ્રીમતી સુષમા દેસાઈ, શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) વગેરેએ વિદાય લેતી વિદ્યાર્થીઓને શુભેચ્છા વ્યક્ત કરી હતી.

પરિચય આવકાર સ્વાગત શાળા સમિતિના મંત્રીશ્રી રમણભાઈ પટેલે કર્યું. શાળા ઈન્ચાર્જ આચાર્ય શ્રી બાપુભાઈ પડેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન કર્યુ.

કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી જીતુભાઈ પટેલે કર્યુ. શ્રી કીર્તનભાઈ પારેખ, શ્રી પ્રવીણભાઈ પરીખ (બખલી), શ્રી ગુણવંત ઓ. શાહ. અને શ્રી રજનીકાન્ત ઓ. શાહ. ઠાસરાવાળા આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા.

અધ્યક્ષશ્રી રસિકભાઈ દેવ અભ્યાસ માટે જરૂરતમંદ વિદ્યાર્થીનીઓને પોતે આવશ્યક સહાય આપવા પોતાના પ્રવચનમાં ખાસ ઉલ્લેખ કર્યો હતો.

શ્રી પ્રવીણભાઈ પરીખ બખલીએ આજના સમારંભમાં ઉપસ્થિત ધો. ૧૦-૧૨ની વિદ્યાર્થીઓના ભોજનનો ખર્ચ આપવાનું ઉદારતાપૂર્વક સ્વીકાર્યુ.

ઉદ્‌ઘોષક શ્રી જીતુભાઈ પટેલે ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના સૈક્ષણિક સંકુલ માટે પ્રફુલ્લભાઈ શેઠના પારિવારિક ટ્રસ્ટ દ્વારા રૂપીઆ પંદર લાખના આપેલ દાનનો સાભાર ઉલ્લેખ કર્યો હતો.

આ પ્રસંગે મંડળની વાર્ષિક સામાન્ય સભાના નિર્ણય સંદર્ભે અંગ્રેજી માધ્યમના વર્ગો શરૂ કરવા અંગેની જાહેરાત શાળા સમિતિના મંત્રી શ્રી રમણભાઈ પટેલે કરી હતી.

આભાર દર્શન શિક્ષક શ્રી જી.એચ. ખોખરે કર્યું. વિદ્યાર્થીનીઓ વતી પ્રતિભાવ રિધ્ધિ ગોહિલે આપ્યો હતો.

## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| **૧) પ્રકાશનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| **૨) પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪) તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા.૧૫.૩.૨૦૧૨ (સહી) : નિખિલ બી. પરીખ**
**પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

### લવાજમ વર્ષ ૨૦૧૨-૧૩

તારીખ ૯ એપ્રિલ સોમવાર, સમય બપોરે ૩ થી ૫ લવાજમ રૂા. ૧૦૦ સંસ્થાની ઓફિસમાં લેવામાં આવશે. અથવા તે પહેલા કોઈપણ કમિટિની બહેનને આપી શકો છો. તા. ક. સાથે સભ્ય કાર્ડ જરૂરી છે.

### એપ્રિલ મહિનાનો કાર્યક્રમ

**તારીખ ૧૮ એપ્રિલ બુધવાર સમય : બપોરે ૩ વાગે, સ્થળ : માર્ચ મહિનાના પ્રોગ્રામમાં જણાવવામાં આવશે.**

'અંતાક્ષરી' રમાડવામાં આવશે. ૬ના ગ્રુપમાં રમાડવામાં આવશે અને વહેલો તે પહેલાના ધોરણે અંતાક્ષરી રમવાના નામ લેવામાં આવશે. ભાગ લેનારના રૂા. ૩૦ રાખવામાં આવ્યા છે.

આ કાર્યક્રમના રૂા. ૪૦ રાખવામાં આવ્યા છે. જે ૯મી એપ્રિલે ૩ થી ૪ દરમ્યાન લવાજમ સાથે અથવા કોઈપણ કમિટિની બહેનને આપી શકશે.

**સંયોજક : કુંજું હેમેન્દ્ર શાહ-૯૯૩૦૭૯૪૪૨૪**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ સેમિનારનાં કાર્યક્રમની રૂપરેખા

**તારીખ :** રવિવાર ૨૫ માર્ચ ૨૦૧૨

**સ્થળ :** સેનેટ હોલ, સ્ટેટસ રેસ્ટોરાઁ, નરીમાન પોઈંટ, મુંબઈ

રજીસ્ટ્રેશન અને ચા/કોફી - પ્રમુખ શ્રી દ્વારા સ્વાગત સંબોધન

**સ્પોનસરનું વકતવ્ય : શ્રી જયેશ રજનીકાંત શાહ** (નગરશેઠ)

**મુખ્ય મહેમાન :** ચાર્ટર્ડ એકાઉન્ટંટ **દર્શના રસિકલાલ કડકીઆ (મરઘા)**નો

**પરિચય અને સંભાષણ**

**વિષય** : **Valuation & Key Selection Factors in Making a right choice with reference to trade & Small-scale industry**

- **આભારવિધિ - પ્રશ્નોત્તરી** - બ્રન્ચ (નિમંત્રણપત્રિકા ધારકો માટે)

- સેમિનારમાં દરેક વાડાસિનોકવાસીઓને જાહેર નિમંત્રણ છે. તે માટે નિમંત્રણ પત્રિકાની આવશ્યકતા નથી.

- બ્રન્ચની નિમંત્રણ પત્રિકા રૂા. ૧૫૦ પ્રતિ વ્યક્તિ લેખે, નીચે મુજબ સ્થળોથી તા. ૨૦-૩-૧૨ સુધી મળી શકશે.

**૧. શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ : શ્રીમતી લીલાબેન કિરીટભાઈ કડકીઆ (ફાડીઆ):** એડમીનીસ્ટ્રેશન હોલ ૪૫/૪૯, બાબુ ગેનું રોડ, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૨

**૨. મે. કડકીઆ એન્ટરપ્રાઈઝેસ :** ૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ - ૩

**વિશેષ નોંધ :** વિદેશમાં વસતા, વાડસોલ વતનીઓ, મુંબઈમાં હાજર હોય તેઓને સેમિનારનો લાભ લેવા અગ્રહભર્યું સવિશેષ આમંત્રણ. વિસ્તુત માહિતી માટે સંયોજક શ્રી પંકજ ધારીઆનો સંપર્ક સાધવા વિનંતી મો. ૯૮૨૧૦૨૮૭૬૨.

**પંકજ ધારીઆ - સંયોજક - પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ**

**દક્ષેશ કડકીઆ / રાજેન્દ્ર દેસાઈ - માનદ્ મંત્રીઓ**

## શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર

શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર દ્વારા આયોજિત 'હેલ્થ સર્વે કેમ્પ' દ્વારા આપ સૌને યોગ્ય માર્ગદર્શન આપવા તા. ૧૮-૩-૧૨ને રવિવારે પ્ર. બ્રહ્મકુમારી હોલના 'ડાયાબિટિક સેમિનાર'માં ભાગ લેવા સર્વેને આગ્રહભર્યું આમંત્રણ.

Hon. Suprentendent ડૉ. અક્ષય સેવકના સહયોગથી આયોજિત આ સેમિનારમાં અગ્રગણ્ય ડાયાબિટોલોજિસ્ટ ડૉ. રઘુનાથ પાઠક અને અન્ય કન્સલ્ટન્ટ ડૉકટરો ડાયાબિટિસ નિયંત્રણ તે પૂર્વેના લક્ષણો તથા હૃદયરોગ વિ. મહત્વપૂર્ણ વિષયોની જાણકારી ખૂબજ સરળ ભાષામાં આપશે.

પ્રમુખ શ્રી જતીન દેસાઈના પ્રસ્તાવથી સેમીનારને અંતે, શ્રોતાઓની મેડિકલ મૂંઝવણોનું નિવારણ પ્રશ્નોત્તર દ્વારા થશે.

પૂર્વેથી રૂા. ૩૦૦ ભરી રજિસ્ટ્રેશન કરાવેલ વ્યક્તિનું basic-cheek up અને B.P. measurment ની તપાસ કરવામાં આવશે.

Blood Checkup મેટ્રોપોલીસ લેબમાં થશે, જેના માટે Free Home Visit & Free Courier Report ની વ્યવસ્થા થયેલ છે.

Home Visit પહેલાં તમારી સાથે ટેલીફોન પર apppointment લેવામાં આવશે. આ બ્લડ ડોનેશન પૂર્વે ૧૨ કલાક ભુખ્યા રહેવું ફરજીયાત છે. સવારે પાણી અને રોજીંદી દવા લઈ શકાશે.

તા. ૧૮ માર્ચ ૨૦૧૨ રવિવાર

**વિષય :** Detection & Prevention of Diabetes & Heart Hazards"

**સ્થળ :** બ્રહ્મકુમારી પ્રાર્થના હોલ, ૧લે માળે, મહેતા હાઉસ, ચોપાટી મું. - ૭, સમય : સવારે ૧૦.૩૦ કલાકે

સર્વે વયના બાલાસિનોરવાસી આ સેમીનારમાં ભાગ લેવા આગ્રહભર્યું સવિશેષ આમંત્રણ છે.

વિસ્તૃત મેડીકલ માહિતી માટે ડૉ. કીન્નરી સેવકનો સંપર્ક કરવા વિનંતી.

**ડૉ. કીન્નરી સેવક : મેડીકલ સેન્ટર એડમીનીસ્ટ્રેટર**
**મંત્રીઓ : સોહીણી કડકીઆ, પરેશ પરીખ**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## અગત્યની જાહેરાત

દરેક સંસ્થાઓને વિનંતી કે તેમના ફોટા અને સંસ્થા સમાચાર, સંબંધિત અધિકારીના નામ અને સહી સાથે મંત્રી ને મોકલવા.

**તા.ક. :** મંત્રીની જાણ વગર કોઈ પણ મેટર તથા ફોટા મોકલાવશે તો જ્યોતિપુંજમા છાપવામા નહી આવે તેની ખાસ નોંધ લેવી.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

## આતો શ્રીજી મારા...

આઓ તો શ્રીજી મારા મંગલ મનાવશું
તારા પ્રેમના હિંડોળે ઝુલો ઝુલશું
તારા શ્યામલ રંગે રંગાશું... હો શ્રીજી મારા
હીરલે મઢેલ માઝમ રાતમાં ... આ... આ
છાની હૈયાની વાતુ કરશું... હો શ્રીજી મારા
રૂપલે મઢેલ સરતી શ્યામલ રાતમાં... આ ... આ
શ્રીજી સંગ રાસ રમીશું
દાંડિયાને મંજીરાના તાલમાં
ઝાંઝરીયા ઝમકાશું... હો શ્રીજી મારા
અધરોએ વહેતાં મીઠા મોરલીના સુરમાં ઝુમીશું... હો શ્રીજી મારા
વહેલી પરોઢના મંગલ ભક્તિએ ભીંજાશું
ઉગતી ઉષાના રંગો ઝીલશું... હો શ્રીજીમારા
દિનને લઈ જાતી સોનેરી સંધ્યામાં ... આ... આ
શ્રીજી તારા રૂપલાં નીહાળશું.. નીહાળશું..
હો શ્રીજી મારા આઓ તો મંગલ મનાવશું

**- ઉષા એસ ધારીયા**

# Shree Vadasinor Dashnima Navyuvak Mandal
## -: Doctor's Time Table at our Center :-

| Time | Cabin | Monday | Thusday | Wednesday | Thursday | Friday | Saturday |
|---|---|---|---|---|---|---|---|
| 8.10 A.M. | 1 | | | | | | |
| | 2 | | | | | | |
| | 3 | | | | | | |
| 10.12 Noon | 1 | Neetaben Shah<br>Diet Consultant | | | | | Neetaben Shah<br>Diet Consultant |
| | 2 | Chirag Mody<br>Neuro Bowen | | Chirag Mody<br>Neuro Bowen | | Chirag Mody<br>Neuro Bowen | |
| | 3 | | | | | | Dr. Bhakti Dadia<br>Hameopath |
| 12.2 P.M. | 1 | Neetaben Shah<br>Diet Consultant | | | Dr. Lillamben Shah<br>Cardiologist | | |
| | 2 | Chirag Mody<br>Neuro Bowen | | Chirag Mody<br>Neuro Bowen | | | |
| | 3 | | | | | | |
| 3.5 P.M. | 1 | | | Dr. Lillamben Shah<br>Cardiologist | | | |
| | 2 | Dr. Alok Gandhi<br>Opthalmoiogist | | Dr. Rajiv Parikh<br>Opthalmologist | | | |
| | 3 | | | | | | |
| 5.7 P.M. | 1 | Dr. Lillamben Shah<br>Cardiologist | Dr. Bhakti Dadia<br>Hameopath | Dr. Lillamben Shah<br>Cardiologist | Dr. Bhakti Dadia<br>Hameopath | Dr. Lillamben Shah<br>Cardiologist | |
| | 2 | Dr. Vaishali Gandhi<br>Pediatrician | Dr. Vaishali Gandhi<br>Pediatrician | | Dr. Vaishali Gandhi<br>Pediatrician | Dr. Vaishali Gandhi<br>Pediatrician | Dr. Vaishali Gandhi<br>Pediatrician |
| 6.8 P.M. | 1 | | | Neetaben Shah<br>Diet Consultant | | | |

Monday Dr. Alok Gandhi - Timing 3.30 - 4.30 p.m.
Wednesday Dr. Rajiv Parikh - Timing 4.30 p.m.
Wednesday Dr. Lilamenben Shah 3.00 p.m. - 4.00 p.m. Through Centre
4.00 p.m. - 6.00 p.m. Private

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# B.N.S. LALKHA TROPHY 2011-12

The Lalkha trophy 2011-12 was played in Balasinor from 02nd-05th feb 2012 under the leadership of captain Kinjal Parikh. WE ARE PROUD TO ANNONCE THAT B.N.S. CRICKET TEAM HAS WON THE BNS LALKHA TROPHY 4TH TIME IN A ROW.

The 1st match was the played on 02nd Feb against the SARVODAYA TEAM in which we won the toss & decided to make first use of the pitch. BNS TEAM were 83/5 and looked in trouble but Sandeep Dharia scored a patient 46 runs with good support from Samir.R.Desai who scored 24 runs for a 6th wicket partnership of 60 Runs. Apurv Dharia played a cameo innings of 23 runs in last over of the match. This enabled BNS team score 202/8 at the end of 40 overs.

SARVODAYA TEAM had a bad start with 26/2 but a decent partnership of 48 runs for the 3rd wicket between Sujit Patel 30 runs & Bitu Patel 38 runs which helped them to steady their innings but they lost their way after the introduction of spin from both ends. Jigar Parikh & Nirav Desai both took 4 wkts each to bowl them out for 140 runs. Samir.R.Desai chipped in with 2 wkts for BNS team.

Jigar Parikh was named the Man of the Match for his bowling figures of 7-0-22-4.

Final Result ---- BNS TEAM 202/8 & SARVODAYA TEAM 140 all out. BNS WON BY 62 RUNS.

**BNS lead series by 1-0.**

2nd match was played on 03rd Feb against the COLLEGE TEAM.

Our association with this Team started last year, and this is our second match with them. The toss was once again won by the BNS Team & they decided to bat first. Our openers gave a steady start to score a partnership of 40 runs for the first wkt. Shiten Kadakia scored 40 runs and once again a late surge from Apurv Dharia scoring 22 runs of 21 balls helped us to pile up a decent score and reach respectable target of 213 runs. (BNS team all out).

The COLLEGE TEAM started their batting with opener Tushar scoring 49 runs but none of their players supported him & they were all out for 134 runs. Nirav Desai bowled magnificiently and took 4 wkts with Ripal Parikh taking 3 wkts & Jigar Parikh 2 wkts.

Nirav Desai was named the Man of the Match for his bowling figures of 8-0-25-4.

Final Result ---- BNS TEAM 213 all out. COLLEGE TEAM 134 all out. BNS WON BY 79 RUNS.

**BNS lead series by 2-0.**

The 3rd match was played on 04th Feb against Nawab Saheb's team BABI XI. Every year this match has been billed as mother of all matches, both the teams were excited to play against each other.

Our luck with the toss continued & asit has been the trend we decided to make first use of the pitch. Our start was not very good and at one stage we were 69/5. This is where youth & experience made a nice combination. Sandeep Dharia scored 36

runs & Rohan Desai playing his first match remained unbeaten on 38 runs and with a third consecutive firing knock of 34 runs of 23 balls from Apurv Dharia. We managed to scored 181 runs of 40 overs.

BABI XI lost their 1st wkt in the very first over of their innings and were looking down the barrel with 43/4 largely due to a very nice spell from Apurv Dharia who took two wkts in one over. Then there was a great partnership of 78 runs between Vajid who scored 43 runs & Waris scoring 51 runs. Spin once again turned out to be our main weapon as Nirav Desai turned the game with 4 wkts & Jigar Parikh 2 wkts. They were all out for 142 runs to give our team a win by 39 runs.

Apurv Dharia deserved the Man of the Match for his all round effort of 34 runs & bowling figures of 6-1-21-2.

Final Result ---- BNS TEAM 181 all out. BABI XI 142 all out. BNS WON BY 39 RUNS.

**Series read as 3-0.**

The 4th & final match was played on 05th Feb against PATEL TEAM. Being the last match our boys were exhausted yet they performed very well and clinched a victory for BNS. This could be seen from their body language. The toss was finally won by the opposite team & they decided to bat first. They were batting well with score reading as 72/1 as their opener Pranav went beserk scoring 44 runs of 40 balls, but things changed drastically with the introduction of Sandeep Dharia. From thereon what we saw was arguably one of the best bowling spells in the history of Balasinor cricket. His spell read 7-0-33-8. First time ever any bowler has taken 8 wkts in an inning from our side. PATEL TEAM got all out for 142 runs.

When we started batting, our captain Kinjal Parikh decided it was time to lead from the front and showed what he has been capable of. His inning of 57 runs from 53 balls was the first half century of the series. It took the game away from the oppositions. Sandeep Dharia scored 24 runs of 24 balls & Samir.R.Desai scoring 16 runs made sure that we did'nt have anymore hiccups but to win the match by 3 wkts.

Final Result ---- PATEL TEAM 142 all out. BNS TEAM 146/7. BNS WON BY 3 WKTS.

## Series finally read as 4-0.

NOTABLE PERFORMANCES OF THE SERIES

(1) SANDEEP DHARIA --- 102 runs & 9 wkts in 4 matches with a excellent spell ever of 8 wkts in one match.

(2) NIRAV DESAI --- 12 wickets in 4matches. BEST BOWLER OF THE SERIES.

(3) APURV DHARIA --- 87 quick fire runs in 4 matches. BEST BATSMAN OF THE SERIES.

(4) SANDEEP DHARIA
MAN OF THE SERIES.

SUPPORTED PERFORMANCES

(1) KINJAL PARIKH --- 92 runs in 4 matches & only half century of the series.

(2) JIGAR PARIKH --- 8 wkts in 4 matches.

This year we also saw one more milestone which was achieved by JIGAR PARIKH as he captured 100 wickets of his career. Congratulations to

JIGAR PARIKH for this success.

One more clean sweep 4-0 in Balasinor, taking our teams success to 15 wins from last 16 matches.

Congratulations to Captain KINJAL PARIKH & our fabulous team.

I would also like to thank SHRI DILIP DHARIA(Lalkha) as it is under his trophy that our boys are playing cricket year after year and thus earning recognition in Balasinor, also he has been taking special interest in seeing that this tournament goes smoothly.

This win has been a team effort but not without the hard efforts of the committee members, NIHAR KADAKIA, SAMIR DHARIA & CHINTAK PARIKH who looked after the functioning of the tour.

It is a difficult task but it is their efforts that this series has been played & success has been achieved.

Thank you to all the visitors & well wishers who cheered for our team in the entire series.

Thanks to NILPESH MODY who has helped us with the scoring for all the 4 matches. He has done this with a cool mind for the second consecutive year.

Thanks to SAMIR.R.DESAI for his co-sponsoring the of cricket uniform for the players (t-shirt in the name of IMPEX ENGINEERING and trouser), which has now become a regular feature since the last 2 years.

Thanks to JIGAR.M.SHAH from Balasinor for his co-operation in getting our off field work ready before time.

**BNS CONVENOR CHIRAG PARIKH**
**SECRETARY- BHAVESH MODI**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમાં સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી - નિકોશી ટ્રડીંગ કાું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ Email : samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**સંયોજક - સમીર ગાંધી**

**મંત્રી - ભાવેશ મોદી**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ દાતાઓને અપીલ

**મંડળ અને ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક યોજનાઓ પૈકીની એક યોજના**

**Higher Education Scheme for Std XI & XII - Rs. 11,00,000**

પોતાની ઓળખ માંગે છે. સમાજનાં દાતાઓને આગ્રહભરી અપીલ કરીએ છીએ, આપના કે આપનાં પ્રિયજનનાં નામ આપી ઉપરોક્ત યોજનાને અપનાવી, ભવિષ્યનાં દાતાઓનાં ઘડતરમાં સહભાગી બનો.

આ ઉપરાંત મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા. ૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા માટે પણ દાતાઓને અપીલ કરીએ છીએ. દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તેજ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આજ દિન સુધી મંડળને રૂા. ૧૦,૦૦૦/-ના એક એવા જુજ યુનીટ પ્રાપ્ત થયા છે, આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું. આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

## અનુકરણીય દાન

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન નીચે મુજબનું દાન/ દાન વચન પ્રાપ્ત થયું છે.

- શ્રી ભરત ઓચ્છવલાલ કડકીઆ (ફાડીયા) તરફથી તેમનાં સુપુત્રના લગ્ન પ્રસંગે રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂા. બે લાખ પુરા)
- સ્વ. કુસુમબેન નવનીતલાલ કડકીઆ (બેરા) અને સ્વ. નવનીતલાલ સાંકરલાલ કડકીઆ (બેરા)નાં સ્મરણાર્થે, શ્રી જશવંત કોદરલાલ પરીખ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પુરા)

મંડળ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**
**શરદ નટવરલાલ દેસાઈ**
**મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

# કે. એમ.જી. જનરલ હોસ્પિટલ બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.

(૧) શ્રી નટવરલાલ ભીખાલાલ શાહ (ઝાટ) પંદરમી ચશ્મા શિબિર : તા. ૧૮-૨-૨૦૧૨ તથા તા. ૧૯-૨-૨૦૧૨ના રોજ અનુક્રમે ભાંથલા, તા. બાલાસિનોર, તથા બલાઢા, તા. ઠાસરા મુકામે યોજવામાં આવેલ. જેમાં ૬૮૬ દર્દીઓને તપાસીને આંખના નંબર કાઢીને વિનામુલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવેલ છે. આ કેમ્પમાં મુંબઈના મેસર્સ કે. મનોહર એન્ડ કંપની તરફથી સેવા આપવામાં આવેલ છે.

(૨) શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) બારમો પોલીયો અને કૃત્રિમ હાથપગ (જયપુર ફુટ) કેમ્પ : તા. ૨૪-૨-૨૦૧૨ના રોજ હોસ્પિટલમાં યોજવામાં આવેલ. આ કેમ્પમાં ઓર્થો. ડૉ. મનિષભાઈ આર. શાહએ કુલ ૯ દર્દીઓ તપાસેલા અને તમામ ૯ દર્દીઓને જયપુર ફુટ આપવા માટે નક્કી કરવામાં આવેલ છે. તે અંગેના માપ અમદાવાદ ખાતેથી ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્રમાંથી બે ટેકનીશીયનો આવેલા માપ લઈને ગયા છે. જેનું વિતરણ તા. ૧૦-૩-૨૦૧૨ના રોજ કરવામાં આવશે.

## સુધારો :

(૧) હીરક જયંતિ વર્ષની સ્મરણિકામાં શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) મેડીકલ સેન્ટરમાં પાનાનં ૨૫ ઉપર જે શ્રી ચીમનલાલ મોજીલાલ કડકીઆ (બનડા) છપાયું છે. તેના બદલે શ્રી ચીમનલાલ લલ્લુભાઈ કડકીઆ (બનડા) વાંચવું આ પ્રિન્ટેડ ક્ષતિ બદલ દીલગીરી વ્યક્ત કીરએ છીએ.

(૨) હીરકજયંતિ વર્ષની સ્મરણિકામાં હીરક મહોત્સવ પ્રસંગે મળેલ દાન/વચનની યાદીમાં અ.નં.૯ ઉપર રૂા. ૧૧લાખ શ્રી મહેશભાઈ ચીમનલાલ કડકીઆ (બનડા)ના બદલે શ્રીમતી ચંદ્રિકાબેન મહેશભાઈ કડકીઆ (બનડા) વાચવું.

(૩) હીરકજયંતિ વર્ષની સ્મરણિકામાં પાના નં. ૩૬ ઉપર બર્ન્સ વિભાગના નુતનીકરણ માટે સને ૨૦૧૧-૧૨માં શ્રીમતી કલાબેન મહેન્દ્રકુમાર ધારીઆ (મુછારી) તથા મહેન્દ્રકુમાર ઓચ્છવલાલ ધારીઆ (મુછારી) હસ્તે ભરતકુમાર મહેન્દ્રકુમાર ધારીઆ (મુછારી)એ પાંચ લાખના માતબર દાનનું વચન આપ્યું છે. તેના બદલે હસ્તે શ્રી રાજેન્દ્રકુમાર મહેન્દ્રકુમાર ધારીઆ તથા શ્રી મનોજકુમાર મહેન્દ્રકુમાર ધારીઆ (મુછારી) તથા શ્રી ભરતકુમાર મહેન્દ્રકુમાર ધારીઆ (મુછારી) વાંચવું.

આ થયેલ પ્રિન્ટેડ ક્ષતિ બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

**શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ - શ્રી નીતીનભાઈ પરીખ**
**માનદ મંત્રીશ્રીઓ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Shri Kirit Kantilal Parikh**
Sangam Society, Bldg. No. 4, Flat No. A3,
Janta Nagar, Shiv sena Galli,
Bhayender (West)
Dist : Thane : 401101
Phone : 9833572694

2. **Vipul Anilbhai Desai**
C/502, New Nikita Appt.2
Chikuwadi, Off. Shimpoli Road,
Borivali (W), Mumbai - 92
M. 9820179412(Vipul)
(M) 9833307474 (Wife) Dimple
(R) 28092958

3. **Daxesh Babulal Kadakia (Iatkari)**
Flat No. 15A, 15th Floor,
New Akash Ganga CHS Ltd.
Bhulabhai Desai Road, Mumbai - 400026.

## તેજસ્વી તારલાં

- **રોનેલ નિખિલ પરીખ** કે.ઈ.એમ.હોસ્પીટલમાં MBBS ની ફાઈનલ પરીક્ષામાં ફસ્ટ કલાસ મેળવી ડોકટર થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન

- **કુ. જીઆન આશિશ લાકડાવાલા** - ઓલ ઈન્ડીઆ કેમલ કલર કોન્ટેસ્ટમાં પોતાનાં વય ગ્રુપમાં તૃતીય સ્થાનનું વિજેતાપદ મેળવ્યું છે. સંસ્થા વતી તેમને અભિનંદન.

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે. **- માનદ્ મંત્રી ભાવેશ મોદી**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| દીપકભાઈ ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા) | ૬૭ |
| શ્રી મયુર ચીમનલાલ પરીખ ભગત | ૬૫ |
| શ્રીમતી શાંતાબેન નટવરલાલ શાહ (ઝાટ) | ૮૫ |
| શ્રીમતી તારાબેન રમણલાલ શેઠ | |
| શ્રી કિરણભાઈ મોહનલાલ દોશી | ૬૮ |
| શ્રી પ્રવિણચંદ્ર મોહનલાલ શાહ | ૭૯ |
| શ્રી ચંન્દ્રકાંત મોહનલાલ ધારીઆ | ૭૩ |
| શ્રીમતી કમળાબેન ચીમનલાલ શાહ | ૯૮. |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**